# જીપીએસસીની બેવડી નીતિના વિરોધમાં આત્મવિલોપનની ચિમકી

## બોર્ડ દ્વારા મંગાવાયેલ સુધારામાં ગુજરાતી માધ્યમના વાંધા અરજીની અવગણના કરાતા ઉમેદવારોમાં રોષ

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા એક વર્ષ અગાઉ લેવામાં આવેલી અધિકારી વર્ગ-૧ અને ૨ની પ્રિલિમ પરીક્ષામાં અનેક મોટા છબરડા સામે આવ્યા છે. જ્યારે પરીક્ષાના પરિણામમાં છબરડાને ધ્યાને લઈને ઉમેદવારોને ૪૦ ગુણનું ગ્રેસિંગ આપવામાં આવ્યું છે. પરંતુ અંગ્રેજી માધ્યમના ઉમેદવારોની વાંધા અરજી ગ્રાહ્ય રાખી ગ્રેસીંગનો લાભ આપવામાં આવ્યો હતો જે લીધે ગુજરાતી માધ્યમના ઉમેદવારોને ભારોભાર અન્યાય થયો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ગુજરાતી માધ્યમના લાખો ઉમેદવારોને આ નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.

જીપીએસસીની પ્રિલિમ પરીક્ષાના પેપરમાં પુછવામાં આવેલા ગુજરાતીના એક પ્રશ્નના બે સાચા જવાબ તેમજ બંધારણના એક પ્રશ્નના તમામ જવાબ સાચા દર્શાવી દેવામાં આવ્યા છે. અને ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને આ બન્ને પ્રશ્નોના કોઈ પણ માર્ક ઉમેરવામાં નથી આવ્યા તેવો પાઠ્યપુસ્તકના આધારે ભાવનગરના એક ઉમેદવારે દાવો કર્યો છે. આ અંગે જાહેર સેવા આયોગને રજૂઆત કરી તા. ૭મી સપ્ટેમ્બર સુધીમાં જવાબ માંગ્યો છે. નહીંતર ઉમેદવારે ૧૦ સપ્ટેમ્બરે આયોગની કચેરી સામે આત્મવિલોપન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

અમો અરજદારની માનસર અરજ છે કે અમોએ GPSC દ્વારા લેવાયેલ જાહેરાત ક્રમાંક 09/2014-15 અન્વયે લેવાયેલ પરીક્ષામાં અમોએ બેઠક ક્રમાંક 107130067 થી પરીક્ષા આપેલ અને અમારા પ્રશ્નપત્રની સીરીઝ – C હતી. બોર્ડ દ્વારા આ પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી મૂકાયેલ ત્યારે તેમજ ફાઈનલ આન્સર કી મુકેલ ત્યારે અમોએ જાતે તથા ગ્રુપ દ્વારા વારંવાર અનેક રજૂઆતો કરેલ છે તેમ છતાં આપ સાહેબ દ્વારા કોઈ યોગ્ય નિર્ણય લેવાયેલ નથી.

તેમજ વિવિધ વિષયોના તજજ્ઞો દ્વારા જુદાં–જુદાં ક્ષતિ રહીત પેપરો કાઢવા તે બોર્ડની તથા આપ સાહેબની જવાબદારી હોય છે. આપ દ્વારા તા. 10/11/2015 સુધીમાં સુધારા મંગાવવામાં આવેલ અને ગુજરાતી માધ્યમનાં ઘણાં વિદ્યાર્થીઓ સુધારા મોકલેલ પણ આપશ્રી દ્વારા માત્રને માત્ર અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓની રજૂઆતો ધ્યાનમાં લેવામાં આવી છે. તેમજ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓ પાસે વાંધા રજૂ ન કરવામાં આવેલ હોવા છતાં પણ ઘણાં પ્રશ્નો રદ કરવામાં આવેલ છે. જેના કારણે અમોને તથા ગુજરાતી માધ્યમના લાખો વિદ્યાર્થીઓને ખૂબ જ નુકસાન થયેલ છે અને તેઓના સપના રોળાય ગયેલ છે.

મારી હાલની રજૂઆતો નીચેના પ્રશ્નો અંગે છે.

પ્રશ્ન – નીચેનામાંથી કઈ સંધિ ખોટી છે,

(A) રવીન્દ્ર = રવિ + ઈન્દ્ર (B) કવીશ્વર = કવિ + ઈશ્વર

(C) પૂર્વોકત = પૂર્વ + ઊકત (D) ઉપેન્દ્ર = ઉપ + ઈન્દ્ર

જેમાં બોર્ડનો જવાબ (C) છે. પરંતુ આ પ્રશ્નમાં બે જવાબ સાચા છે. વિકલ્પ (B) અને (C) બન્ને સાચા છે.

સમજૂતી : અહીં ઉપરોકત ચારેય વિકલ્પનો વિચાર કરીએ તો વિકલ્પ (C) પૂર્વોકત = પૂર્વ + ઉકત હોવું જોઈએ એટલે તે ખોટો છે. વિકલ્પ (B) કવીશ્વર = કવિ + ઈશ્વર ઈશ્વરમાં "ઈ" – દીર્ઘ જ હોવું જોઈએ. આ અંગેનો પૂરાવો અરજી સાથે જોડેલ છે. માટે આ સંધિ પણ ખોટી છે. માટે આ પ્રશ્નમાં બે જવાબ સાચાં થાય તમે ગુજરાતીના કોઈ પણ નિષ્ણાત તથા તમારા કહેવાતા નિષ્ણાતોને પણ પૂછી શકો છો.

પ્રશ્ન : બંધારણના અનુચ્છેદ 51(1) માં દર્શાવેલ મૂળભૂત ફરજોમાં નીચે પૈકીની કઈ ફરજ નથી ?

(A) બંધારણ વફાદાર રહેવાની (B) બિન સાંપ્રદાયિકતા જાળવવાની

(C) સંસ્કૃતિના સમૃધ્ધ વારસાને સન્માનવાની (D) જાહેર મિલ્કતનું રક્ષણ કરવાની.

ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષામાં વારંવાર મોટા મોટા છબરડા થઈ રહ્યા છે. જેને લઈ દરેક પરીક્ષામાં લાખો ઉમેદવારોને અન્યાય થઈ રહ્યો છે. પ્રશ્નપત્રમાં થતા ગોટાળાને લઈ હોંશિયાર ઉમેદવારોને મોટુ નુકશાન વેઠવુ પડે છે. આયોગ દ્વારા અનેક પ્રકાર પોતાની કચેરીમાં કામ કરતા કર્મચારીઓના માનીતા અને સગાસંબંધિઓને પાસ કરવામાં આવ્યા હોવાની પણ ચર્ચા છતી થઈ છે. રાજ્યમાં બેરોજગાર શિક્ષિત યુવાનોને રોજગારી આપવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. પરંતુ વારંવાર થતા છબરડા અને વિવાદો વચ્ચે

● અનુસંધાન પાના - ૭ પર

**ભારતમાં કોઈપણ સર્વિસ કમિશન અલગ અલગ ભાષામાં પેપર કાઢતું નથી તો ગુજરાત જાહેર સેવા આયોગે શા માટે આ સ્વચ્છંદી અને તઘલકી નિર્ણય કર્યો : શું આયોગ અંગ્રેજી માધ્યમવાળાને ફાયદો કરવા માંગતુ હતું ?**

**આયોગ મારફતે ૨૧મી ઓગષ્ટે પ્રિલિમ પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું ત્યારે કટ ઓફ અને વિદ્યાર્થીનીઓના માર્કસ પરીક્ષા પ્રક્રિયા દરમિયાન આપવામાં આવશે નહી તો જ્યારે ગુજરાત બંધનું એલાન હતુ અમદાવાદમાં કરફ્યુ હતો તો આયોગે કેમ રાતોરાત કટ ઓફ વિદ્યાર્થીઓના માર્ક ૧૫ દિવસમાં વેબસાઈટ ઉપર મુકવાની વાત કરી પોતાનો જ નિર્ણય રાતોરાત બદલી પોતાનું સ્ટેન્ડ કેમ બદલ્યું ? પોતાની વાતો છુપાવવા માંગે છે ?**

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિમાં આજે ૧૬ મુદ્દા હતા.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી વચ્ચે બંધ બારણે બેઠક થઈ હતી.

● ગાંધીનગર શહેરમાં આજે જનજીવન સામાન્ય બન્યુ હતુ અને અમદાવાદની બસો પણ નિયત સમયમર્યાદાએ ઉપડી હતી.

● ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રીના નિવાસસ્થાને બે એ.સી. ફીટ કરવામાં આવશે.

● પ્રજાપિતા બ્રહ્માકુમારી દ્વારા આજે મહાનગરપાલિકામાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

## હરિની દૃષ્ટિ...




ભાઈ મારુ નસીબ જ ખરાબ છે... ડાબા હાથે રાખડી બાંધવી પડે છે... ગયા વર્ષે ભાભીએ હાથ ભાંગી નાખ્યો હતો... આ વખતે પોલીસે...!!

# કલોલમાં તોફાની ટોળા સામે ત્રણ બનાવોમાં ગુના નોંધાયા

**ડીવાયએસપી પર હિંસક હુમલો કરી લુંટ કરનાર ૫૦૦નાં ટોળા સામે, નારદીપુર ચોકી સળગાવી દેનાર ૩૦ વાહનોના ટોળા સામે અને કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં હુમલો કરનાર ૨૫૦ના ટાળા સામે ગુના દાખલ**

ગાંધીનગર, તા.૨૮

પાટીદાર આંદોલનમાં થયેલા તોફાનો દરમિયાન કલોલમાં વિવિધ સ્થળે હિંસક ઘટનાઓ બની હતી જે અંતર્ગત કલોલના પોલીસ સ્ટેશનમાં વિવિધ ટોળા સામે ગુના દાખલ કરવાની કામગીરી કરીને પોલીસે ધરપકડ માટે તજવીજ શરુ કરી છે. ડીવાયએસપી પર હિંસક હુમલો કરી લુંટ કર્યા ઉપરાંત નારદીપુર પોલીસ સ્ટેશન સળગાવ્યાની ઘટના અને કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં હુમલો કરી રાયોટીંગ કરવા ઉપરાંત પબ્લીક પ્રોપર્ટી ડેમેજ કરવા અંતર્ગત અલગ અલગ ત્રણ ગુનાઓ નોંધાવા પામ્યા છે.

કલોલમાં બંદોબસ્ત ડયુટી કરી રહેલા ડીવાયએસપી એન.એસ. મલેક તથા અન્ય બે પોલીસ કોન્સ્ટેબલ ઉપર તોફાની ટોળાએ હિંસક હુમલો કરી ઘાયલ કર્યા હતા. આ બનાવમાં ડીવાયએસપીનો મોબાઈલ પણ લુંટીને ટોળુ ભાગી ગયું હતું. પોલીસે આઈપીસી કલમ ૩૦૭, રાયોટીંગ, પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એકટ અને લુંટનો ગુનો ૫૦૦ના

● અનુસંધાન પાના - ૭ પર

## હેપીનેસ પ્રોગ્રામ અને લઘુરૂદ્ર પુજાનું આર્ટ ઓફ લીવીંગ દ્વારા આયોજન

ગાંધીનગર, તા.૨૮

આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર એકમ દ્વારા હેપીનેસ પ્રોગ્રામનું આયોજન આગામી તા. ૧ થી ૬ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ સવારે ૬ થી ૯ અને સાંજે ૬.૩૦ થી ૯ દરમિયાન મેઘમલ્હાર કોમ્પ્લેક્ષ ખાતે કરવામાં આવ્યું છે તેમજ પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સામુહિક રૂદ્રપૂજાનું આયોજન શહેરની વિવિધ જગ્યાએ કરવામાં આવ્યું છે. જેમાં શહેરની ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહી સહભાગી બનવા જણાવાયું છે.

પરમ પૂજ્ય શ્રી શ્રી રવિશંકર પ્રેરિત આર્ટ ઓફ લીવીંગ સંસ્થા દ્વારા ૧૮ વર્ષથી મોટી ઉંમરના લોકો માટે હેપીનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં સ્વસ્થ શરીર, માનસિક શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવ્યો છે. શિબિર થકી આત્મવિશ્વાસ,

● અનુસંધાન પાના - ૭ પર

## રક્ષાબંધનના પવિત્ર પર્વે શુભકામનાઓ પાઠવતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ રક્ષાબંધનના પાવન પર્વે રાજ્યના તમામ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

રાજ્યપાલશ્રી તેમના શુભેચ્છા સંદેશમાં જણાવ્યું છે કે રક્ષાબંધન પર્વ ભાઈ-બહેનોના અનુપમ સ્નેહ બંધનનું પ્રતીક છે. આ સાંસ્કૃતિક પર્વ સમાજમાં પ્રેમ-શાંતિ અને પરસ્પર સદ્ભાવને બળવત્તર બનાવવાની આપણા સૌને પ્રેરણા આપે છે.

सत्यमेव जयते

# એન એસ એસના 73 માં રાઉન્ડનું સર્વેક્ષણ

## નેશનલ સેમ્પલ સર્વે ઓફીસ દ્વારા અપીલ

આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય, ભારત સરકાર અંતર્ગત નેશનલ સેમ્પલ સર્વે ઓફીસ (એન એસ એસ ઓ) દ્વારા યોજના અને નીતિઓના ઘડતર હેતુ આંકડાઓને એકત્ર કરવાના ઉદ્દેશ્ય માટે જુદા જુદા સામાજિક - આર્થિક મુદ્દાઓ સંબંધિત દેશવ્યાપી સર્વેક્ષણનું આયોજન કરવામાં આવે છે. તારીખ ૧ જુલાઈ ૨૦૧૫થી જૂન-૨૦૧૬ દરમિયાન વર્તમાન સર્વેક્ષણ અંતર્ગત સંપૂર્ણ દેશમાંથી ઉત્પાદન, વ્યાપાર અને અન્ય સેવાઓ (બાંધકામ સિવાય) ક્ષેત્રમાં સંલગ્ન અસંગઠિત કૃષિ સિવાયના આર્થિક તથા સંચાલનાત્મક વિશેષતાઓ પર જાણકારી એકત્ર કરવામાં આવશે.

આ ઉદ્દેશ્ય માટે એન એસ એસ ઓના અધિકારીઓ જાણકારી પ્રાપ્ત કરવા માટે ચૂટેલા ઉધમો પર જશે. અમે માહિતી આપનાર (ઉધમોના માલિકો / સંચાલકો)ને અપીલ કરીએ છીએ કે તેઓ એન એસ એસ ઓના ક્ષેત્ર અધિકારીઓને સહયોગ આપી યોગ્ય તથા પૂર્ણ જાણકારી ઉપલબ્ધ કરાવો. એકત્ર કરેલ જાણકારીના વિશ્લેષણોના આધાર પરયોગ્ય નિર્ણય લેવામાં સરકારને સરળતા રહેશે.

**પરિવારો / ઉધમો દ્વારા અપાયેલી જાણકારીને ગુપ્ત રાખવામાં આવશે.**

National Sample Survey Office

વિકાસ માટે આંકડાઓ

નેશનલ સેમ્પલ સર્વે ઓફીસ

આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય, ભારત સરકાર

www.mospi.gov.in

davp 39102/13/0017/1516